GUJARATI

fka CHILDREN'S SERVICES INC

# તમારા કુટુંબની ભાષા(ઓ) કાયમ રાખવી

તમારા કુટુંબની ભાષાઓને કાયમ રાખવું તે તમામ ભાવિ ભાષા વિકાસ માટે પાયાનું કામ કરે છે. સશક્ત ભાષા મોડેલોમાં જોવાની, સાંભળવાની અને વાતચીત કરવાની તકો મળે, ત્યારે તમારું બાળક સરળ રીતે અનેક ભાષાઓ શીખી શકે છે.

વિક્ટોરિયામાં અર્લી યર્સ પ્રોફેશનલ્સને *વિક્ટોરિયન અર્લી યર્સ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક* (VEYLDF)નું માર્ગદર્શન પ્રાપ્ત છે. આ ફ્રેમવર્ક બહુભાષીવાદને એક ગુણ તરીકે ઓળખાવે છે અને એવી આશા પ્રસ્થાપિત કરે છે કે, બાળકોને તેમના કુટુંબની ભાષા(ઓ) ચાલુ રાખવા માટે, એક અતિરિક્ત ભાષા તરીકે અંગ્રેજી શીખવા માટે અને અર્લી યર્સ એડ્યુકેશન અને કેર પ્રોગ્રામ (VEYLDF, 2016) માં સહભાગ દરમિયાન અંગ્રેજી ઉપરાંત અન્ય ભાષાઓ શીખવા માટે મદદ કરવામાં આવશે.

તમારા બાળકને પોતાના કુટુંબની ભાષા(ઓ) કાયમ રાખવા અને તેને વિકસિત કરવાના ઘણા લાભ થશે:

- તમારા કુટુંબની ભાષાના ઉપયોગથી તમારું બાળક પોતાની ચિંતનકારી સુગમતા અને વિકાસને આગળ લઈ જઈ શકે છે.
- કુટુંબના સંબંધો, નવા સંબંધોનો વિકાસ અને સંબંધની ભાવના માટે તમારા કુટુંબની ભાષા(ઓ) જાળવવી મહત્ત્વપૂર્ણ છે.
- કુટુંબની ભાષા(ઓ) તમારા બાળકની ઓળખ, સંસ્કૃતિ અને કલ્યાણની સાથે અસ્પષ્ટ રીતે સંકળાયેલ છે.
- તમારા કુટુંબની ભાષા(ઓ)માં અસ્ખલિતતા તમારા બાળકને અંગ્રેજી જેવી કોઈ બીજી ભાષાઓ શીખવામાં મદદરૂપ થશે.

VEYLDF (2016) શિક્ષકોને સમજાવે છે કે, પ્રથમ અથવા ઘરની ભાષાનું સંપાદન અને જાળવણી વ્યક્તિત્વ ઓળખ નિર્માણમાં ઉલ્લેખનીય અને નિરંતર ભૂમિકા ભજવે છે. (પૃષ્ઠ 18). માટે, એક અતિરિક્ત ભાષા તરીકે અંગ્રેજીના વિકાસને મદદ કરતો એક મહત્ત્વપૂર્ણ ઘટક એટલે શિક્ષકો અને પરિવારોએ સાથે મળીને બાળકોને તેમના પરિવારની ભાષા(ઓ)ને કાયમ રાખી તેને વિકસિત કરવાનું ચાલુ રાખવામા મદદ અને પ્રોત્સાહન પ્રદાન કરવું જોઈએ.

## અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન એન્ડ કેર એન્વાયરમેન્ટ્સમાં એક અતિરિક્ત ભાષા તરીકે અંગ્રેજીનો વિકાસ કરવો

વિક્ટોરિયન અર્લી ચાઇલ્ડહૂડ એડ્યુકેશન એન્ડ કેર એન્વાયરમેન્ટ્સમાં અંગ્રેજી શીખવાની ઘણી તકો તમારા બાળકને મળશે. સંશોધન આપણને જણાવે છે કે, 'ભાષાનો સંપર્ક, સ્પષ્ટ મોડેલિંગ અને ભાષા શિક્ષણ મારફતે અને નવી ભાષા શીખવાના યોગ્ય સમયે બાળકો એક અતિરિક્ત ભાષા તરીકે અંગ્રેજી (કે કોઈ પણ અન્ય ભાષા) સફળ રીતે શીખી શકે છે.' (VEYLDF, 2016, પૃષ્ઠ 22).

એક ભાષાને જાણવાથી બાળકો સમજી શકે છે કે અન્ય ભાષાઓ કેવી રીતે કામ કરે છે. એક ભાષામાં બાળકોએ વિકસિત કરેલ કૌશલ્યો નવી ભાષામાં સ્થાનાંતરિત કરી શકાય છે. બાળકો પોતાના કુટુંબની ભાષાથી જ નવી ભાષા, તેના નિયમો અને શબ્દભંડોળ શીખી, સમજી શકે છે. જ્યારે તમારું બાળક અંગ્રેજી ભાષાના વાતાવરણમાં ભળી જશે, ત્યારે તેને ઘણા અલગ અલગ સંદર્ભમાં અંગ્રેજી ભાષા સાંભળવાનો મોકો મળશે. તેમને બીજા બાળકો સાથે જોડાઈને રમવાનું મન થશે અને શિક્ષકો તમારા બાળકને અંગ્રેજી સાંભળવા અને તેની પ્રેક્ટિસ કરવા મળે તે માટે સારા મોડેલો અને અનેક તકો પૂરી પાડશે.

બાળકનો ભાષાનો પૂર્વ અનુભવ, નવી ભાષા સાથેનો સંપર્ક અને તે જેમાં ભણે છે, તે નવા વાતાવરણને અનુરૂપ એવી ઝડપથી ભાષા કૌશલ્યો વિકસિત થાય છે. એક જ સમયે એકથી વધુ ભાષાઓ શીખતા બાળકો, કેટલાક સમય સુધી, બીજી ભાષાઓની સરખામણીએ કોઈ એક ભાષા વધુ બોલે છે. શરૂઆતમાં બાળકો બોલતી વખતે ભાષાઓ એકબીજામાં મિક્સ કરી શકે છે. તેઓ કદાચ એક ભાષામાં કોઈ શબ્દ જાણતા હોઈ શકે અને બીજી ભાષામાં નહીં. વાતચીતની અસ્ખલિતતા જાળવવા માટે તેઓ તેમને પરિચિત હોય તેવા શબ્દો વાપરે છે. બહુભાષી સંદર્ભમાં ભાષાઓનો ઉપયોગ કરતી વખતે બાળકોમાં આ કુદરતી અને લવચીક કૌશલ્ય વિકસિત થાય છે.

## યાદ રાખો...

કોઈ પણ નવી ભાષામાં વાતચીત કરવામાં અસ્ખલિતતા વિકસિત થતાં સમય લાગે છે. અને કોઈ અતિરિક્ત ભાષા શીખવાની પ્રક્રિયા માંથી પસાર થતી વખતે બાળકોને આસપાસના વડીલો પાસેથી સમય અને દબાણ વગરનો સપોર્ટ મળી રહે તે જરૂરી છે.

પોતાના કુટુંબની ભાષા(ઓ) શીખીને તેનો ઉપયોગ કરવો એ બાળકનો અધિકાર છે (UNCRC, 1989).


**સંદર્ભ**

શિક્ષણ અને તાલીમ વિભાગ, 2016. *વિક્ટોરિયન અર્લી યર્સ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક*

UNICEF, 1989. *યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ રાઇટ્સ ઑફ ધ ચાઇલ્ડ* (UNCRN).